




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-08 ■ તા. 14-02-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂ. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂ. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk




one old quilt(rug)

You luxuriously accommodate yourself

Keep there an old folded quilt in the storage or on the shelf..

In which your mother shears the old clothes of your family members and ofcourse yours.. That are poked, hidden, stacked one on one cut for sure, Done with your kite's thread that were deserted by you, With mother's artistic hands, oh,how fine did she sew!

THAT PAALAV

The cover of the quilt made from the cotton handloom saree And its paalav arranged to decorate the quilt,

THAT PAALAV

That has so many memories of yours, That have been vowed To which the lovely paalav is involved ....

THAT PAALAV

It was spread by your mother Infront of Ishtdev with hope and bother...

THAT PAALAV

Your mother protected you under And fed you life's sweetest nectar She wiped your cute milky lips... So softly with the paalav just like the silk..

THAT PALAV

The rupee coin tied to the end That bought you a yo-yo see how you spent

THAT PALAV

Protected you from your father's anger, And saved you from one of big danger,

THAT PALAV

That paalav rubbed those tears when you fell and got torn And those too, when your mother silently mourned....

When you can't sleep in your luxurious quilt, keep that lovely quilt near your chest, hug and feel your sleep will be like a child

PENNED DOWN BY-
JIGNA KAPURIYA (NIYATI)

TRANSLATED BY
NILI SHAH

## નાણાંમંત્રી નિર્મલા સીતારામને શનિવારે કેન્દ્રીય બજેટને દેશને 'આત્મનિર્ભર' બનાવવાની ભૂમિકા ગણાવી

# વડાપ્રધાન મોદીના અનુભવો પર આધારિત કેન્દ્રીય બજેટઃ નાણાપ્રધાન

### કોંગ્રેસે ત્રણ રાજ્યોમાં ખેડૂતોનાં દેવાં-માફ નથી કર્યા, મહામારીના કપરા સમયમાં પણ સરકારે આર્થિક સુધારા માટે ભર્યા પગલા, અમે ન જમાઈ માટે કામ કરીએ છીએ ન ક્રોની માટેઃ નાણામંત્રી



ન્યુ દિલ્હી,તા.૧૩

નાણામંત્રી નિર્મલા સીતારામને શનિવારે કેન્દ્રીય બજેટને દેશને 'આત્મનિર્ભર' બનાવવાની ભૂમિકા ગણાવી હતી અને કહ્યું કે કોરોના વાયરસ મહામારીના કપરા સમયમાં પણ સરકારને આર્થિક સુધારાઓ માટે પગલા ભરતા અચકાઈ નથી. સીતારામને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ પર લોકસભામાં થયેલી ચર્ચાના જવાબમાં એમ પણ કહ્યું કે સુધારણા પગલાં લેવાનો ઉદ્દેશ ભારતને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થામાંનો એક બનાવવાનો છે. તેમણે કહ્યું કે અર્થવ્યવસ્થાની મંદીને ધ્યાનમાં રાખીને આ બજેટ ઘણા નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા પછી લાવવામાં આવ્યું છે અને આ બજેટમાં ભારતની આત્મનિર્ભર બનવાની ભૂમિકા છે. નાણાં પ્રધાને કહ્યું કે કોરોના વાયરસની બીજી લહેરનો પ્રકોપ હજી કેટલાક અન્ય દેશોમાં છે, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે રીતે કામ કરવામાં આવ્યું હતું અને અહીં પરિસ્થિતિ સાથે કેવી રીતે સામનો કરવામાં આવ્યો છે, તેનું પરિણામ એ આવ્યું છે. અર્થતંત્ર ટકાઉ છે તેઓ આગળ વધી રહ્યા છે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મહામારીની પડકારજનક સ્થિતિ પણ દેશના લાંબા ગાળાના વિકાસ માટે સુધારાનાં પગલાં લેવામાં સરકારને રોકી શકી નથી.

નાણાપ્રધાન નિર્મલા સીતારામને લોકસભામાં શનિવારે બજેટ પરની ચર્ચાનો જવાબ આપતાં ફરી એક વાર કોંગ્રેસ અને વિપક્ષ નિશાન સાધ્યું છે. કોંગ્રેસ કેમ પહેલાં કૃષિ કાયદાઓને ટેકો આપતી હતી? જે હવે બદલાઈ ગઈ છે? ખેડૂતોને જ્ઞાન આપતી કોંગ્રેસ અનેક રાજ્યોમાં ચૂંટણી જીતવા કહેતી હતી કે અમે કૃષિ લોન આપીશું, પણ મધ્ય પ્રદેશમાં એ લાગુ નથી થયું. કોંગ્રેસે મત મેળવીને ખેડૂતોને ગેરમાર્ગે દોર્યા છે. કોંગ્રેસે રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં દેવાં માફ નથી કર્યાં. આશા છે કે કોંગ્રેસ આ બાબતે નિવેદન આપશે, પણ નથી આપ્યું. કોંગ્રેસ પરાળી વિષય પર પંજાબમાં કોંગ્રેસ સરકાર દ્વારા ખેડૂતોને કેટલીક રાહત અપાવશે, પણ એ પણ નથી થયું.

તેમણે નામ લીધા વિના વિપક્ષી કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું હતું કે આઝાદીથી સત્તામાં રહેલી પાર્ટીને ૧૯૯૧ માં આર્થિક સુધારા વિશે જાણ થઈ હતી અને આ સરકાર અને વડા પ્રધાનને વારંવાર આર્થિક સુધારા અંગે પ્રશ્નો પૂછવામાં આવે છે. સીતારામને કહ્યું કે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમના સંબોધનમાં ખેડુતો, મૂડી બનાવનારા ઉદ્યમીઓ (સંપત્તિ નિર્માતાઓ) વિશે પણ વાત કરી. આ ઉદ્યોગસાહસિકો વિના અર્થતંત્ર કેવી રીતે ચાલશે?

તેમણે કહ્યું કે આ સવાલ વારંવાર ઉઠાવવામાં આવી રહ્યો છે કે આ બજેટમાં કૃષિ ક્ષેત્રની ફાળવણી કેમ ઓછી કરવામાં આવી? તેમણે કહ્યું કે આ વસ્તુ ખોટી રીતે મુકવામાં આવી છે. નાણાં પ્રધાને કહ્યું, "આ સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા લગભગ ૧૦.૭૫ કરોડ ખેડૂતોના ખાતામાં રૂ. ૧.૧૫ લાખ કરોડનો નફો ટ્રાન્સફર કર્યો. પીએમ મોદીના અનુભવો પર આધારિત બજેટ નાણામંત્રીએ કહ્યું, આ બજેટ પીએમ મોદીના અનુભવો પર આધારિત છે જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા. ત્યારે ૧૯૯૧ પછી લાઈસન્સ અને કોટા રાજ ખતમ થઈ રહ્યું હતું અને ગુજરાતમાં ઘણા કામો થઈ રહ્યા હતા. અને એ જ અનુભવના આધારે રિફોર્મ્સને બજેટમાં સામેલ કરવાં આવ્યા.

## ભારતે તેના આસપાસના દેશો સાથે કનેક્ટિવિટી વધારવાની જરૂરઃ આર્મી ચીફ

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતીય આર્મી ચીફ જનરલ મનોજ નરવાને કહ્યું છે કે ભારતે તેના આસપાસના દેશો સાથે કનેક્ટિવિટી વધારવાની જરૂર છે, જેથી ભારતની આસપાસ યથાવત્ સ્થિતિ બદલવા માટે ચીન દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો સાથે કાર્યવાહી કરી શકાય. આર્મી ચીફ એમ.પી. નરવાનેએ કહ્યું કે, ચીન જે રીતે એકતરફી રીતે પડોશની વિવાદિત સરહદો પર સ્થિરતા બદલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તેણે વિવાદ અને અવિશ્વાસનું વાતાવરણ ઉભું કર્યું છે. જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરતાં જનરલ મનોજ નરવાને કહ્યું, "પ્રાદેશિક અને આંતરિક પર કેન્દ્રિત કનેક્ટિવિટી સીધી સુરક્ષા સાથે સંબંધિત છે. ઉત્તર-પૂર્વની સંભાવનાઓને બહાર લાવવી અને ચીની પ્રભાવને સંતુલિત કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

કલાદાન મલ્ટી-મોડલ અને ત્રિપક્ષીય હાઈવે જેવા પડોશી દેશોમાં કનેક્ટિવિટી માટેની ભારતની આંતરરાષ્ટ્રીય યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતાં મનોજ નરવાને કહ્યું, "અમે જે રીતે અમારા વચનો પૂરાં કરી શક્યા નહીં, તે પ્રાદેશિક જોડાણ માટેના અમારા પ્રયત્નોને નિષ્ફળ કરી. ઉત્તર પૂર્વ પર પડોશી દેશોમાં રાજકીય અસ્થિરતાના પ્રભાવ વિશે વાત કરતા નરવાને કહ્યું કે, "આપણી આસપાસના પાડોશી દેશોની પ્રવૃત્તિઓ સીધા ભારતના ઉત્તર પૂર્વ વિસ્તારની સુરક્ષાને અસર કરે છે." નેપાળ ભારતનો પરંપરાગત મિત્ર રહ્યો છે, પરંતુ તેમાં ચીની રોકાણો એટલા બધા થયા છે કે આજે નેપાળ સૌથી મોટા રાજકીય સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.

આર્મી ચીફે ભારતના ઉત્તર પૂર્વ ક્ષેત્રમાં એક આસામ રાઈફલ અને યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિક્યુરિટી ચેલેન્જનું આયોજન કર્યું છે. સેના પ્રમુખનું નિવેદન એવા સમયે સામે આવ્યું છે. જ્યારે ચીન પૂર્વી લદ્દાખના પેંગોંગ તળાવથી પોતાના સૈનિકો પરત ખેંચવાની સંમતિ આપી ચૂક્યું છે. જેને લઈને ગયા વર્ષે એપ્રિલ મહિનાથી બંને દેશો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

## આગ્રા-લખનઉ એક્સપ્રેસવે કાર અને ટ્રક વચ્ચે ભીષણ ટક્કર, ૬ યુવકોના મોત

કન્નૌજ,તા.૧૩

ઉત્તર પ્રદેશના કન્નૌજ જિલ્લામાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં તાલગ્રામ વિસ્તાર સ્થિત આગ્રા-લખનઉ એક્સપ્રેસવે પર ભીષણ ટક્કર થઈ છે. જેમાં એક બેકાબૂ બની ગયેલી કાર સસ્તાની બાજુમાં ઊભા રહેલા ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં છ લોકોનાં મોત થયા છે. પ્રાપ્ત વિગત પ્રમાણે તમામ કાર સવાર લખનઉથી મેહદીપુર બાલાજીના દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. આ અંગે માહિતી મળતા સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતકોના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે ખસેવડામાં આવ્યા છે. સાથે જ પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે. કાર કન્નૌઝ જિલ્લાના તાલગ્રામ ક્ષેત્રમાં પહોંચી હતી ત્યારે ટ્રકમાં ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારમાં સવાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ હાજર લોકોએ કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

જે બાદમાં પોલીસ પણ ત્યાં પહોંચી હતી. તમામને બહાર કાઢીને હૉસ્પિટલ પહોંચડાવામાં આવે તે પહેલાં જ તમામનાં મોત થઈ ગયા હતા. એવી પણ માહિતી મળી છે કે ટક્કર એટલી જોરદાર હતી કે ડેડ બૉડીને બહાર કાઢવા માટે કારની બૉડીને કાપવી પડી હતી. આ દુર્ઘટના શુક્રવાર-શનિવારની રાત્રે આશરે ૧ વાગ્યાની આસપાસ બની હતી. છ લોકો પોતાની ઈકો સ્પોર્ટ કાર લઈને બાલાજીના દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગાડી ચલાવી રહેલા યુવકને ઝોકું આવી જતાં કાર રસ્તાની બાજુમાં ઊભેલા ટ્રકમાં ઘૂસી ગઈ હતી. ટક્કર બાદ કારના ફૂરચા નીકળી ગયા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કન્નૌજ રોડ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

તેમણે ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પીડિતોને શક્ય હોય તે તમામ દદ કરવાનો આદેશ કર્યો છે. મૃતકોની ઓળખ મોહિત યાદવ (૩૬), પ્રમોદ યાદવ (૩૫), જ્ઞાનેન્દ્ર યાદવ (૩૨), સોની યાદવ (૩૧), સત્યેન્દ્ર યાદવ (૧૮) અને સુરજ (૧૫) તરીકે કરવામાં આવી છે.

ઉત્તાર પ્રદેશમાં રોડ અકસ્માતના કેસમાં વધારો થયો છે. ગત નવમી ફેબ્રુઆરીના રોજ મહિલાના અંતિક સંસ્કાર કરીને પરત ફરેલા પિકઅપ વાનમાં સવાર લોકો અકસ્માતનો ભોગ બન્યા હતા. મંગળવારે સવારે રોડ અકસ્માતમાં પાંચ લોકોનાં મોત થયા હતા. જ્યારે એક વ્યક્તિએ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. આ દુર્ઘટનામાં પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

## દેશમાં ૭૯ લાખ લોકોનું રસીકરણ કોરોનાના ૧૨,૧૪૩ના નવા કેસ, ૧૦૩નાં મોત

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં કોરાના વાઈરસના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં નવા કેસો ઘણા સમયથી ૨૦,૦૦૦થી નીચે આવી રહ્યા છે. એ સાથે મૃતકોની સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા ૧.૦૮ કરોડને પાર પહોંચી છે. આરોગ્ય મંત્રાલયે જારી કરેલા આંકડા મુજબ પાછલા ૨૪ કલાકમાં ૧૨,૧૪૩ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૩ લોકોનાં મોત થયાં છે. દેશમાં આ વાઈરસથી અત્યાર સુધી કુલ ૧,૦૮,૯૨,૭૪૬ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે અને અત્યાર સુધી ૧,૫૫,૫૫૦ લોકોનાં મોત થયાં છે. જોકે આ ખતરનાક બીમારીને ૧,૦૬,૦૦,૬૨૫ લોકો માત આપી ચૂક્યા છે. પાછલા ૨૪ કલાકમાં ૧૧,૩૯૫ લોકો કોરોના સંક્રમણથી ઠીક થયા છે. જ્યારે હાલ આ વાઈરસના સંક્રમિત સક્રિય લોકોની સંખ્યા ૧,૩૬,૫૭૧ પહોંચી છે.

રિકવરી રેટ વધીને ૯૭.૨૬ ટકાએ પહોંચ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૪૩ ટકા થયો છે. દેશમાં અત્યાર સુધીમાં ૭૯,૬૭,૬૪૭ લાખની આસપાસ લોકોને કોરોનાની રસી આપવામાં આવી ચૂકી છે. ગઈ કાલે ૪,૬૨,૬૩૭ કોરોના રસી આપવામાં આવી હતી.

## દિલ્હી-એનસીઆરમાં ગાઢ ધુમ્મસઃ સવારે પણ વાહનોની લાઈટ ચાલુ રાખવી પડી

ન્યુ દિલ્હી,તા.૧૩

સ્કાય મેટના અહેવાલ મુજબ આગામી કેટલાક દિવસોમાં ઉત્તર ભારતના ૧૫થી વધુ શહેરોમાં ગાઢધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે.દિલ્હી અને એનસીઆરમાં શનિવારે તાપમાનમાં વધારા સાથે ગાઢ ધુમ્મસ પણ છવાયું હતું. એર ક્વોલિટી ઈંડેક્સ અત્યંત ખરાબ સ્તર પર પહોંચી ગયો છે. ગાઢ ધુમ્મસને કારણે લોકોને સવારે પણ પોતાના વાહનની લાઈટો ચાલુ રાખીને રસ્તા પરથી પસાર થવું પડ્યું હતું. ગાઢ ધુમ્મસને કારણે આગ્રા એક્સપ્રેસ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં ૬ લોકોનાં મૃત્યુ થયાં છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી કેટલાક દિવસોમાં ઉત્તર ભારતનાં અનેક શહેરોમાં વરસાદ પાડવાની શક્યતા છે, જ્યારે સ્કાઈમેટનું માનવું છે કે ઉત્તર ભારતના ૧૫થી વધુ શહેરોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની સંભાવના છે.

ઈન્ડિગોએ ટ્વીટ કરી જણાવ્યું હતું કે દિલ્હી એરપોર્ટ પર તેના વિમાનના ટેકઓફ અને લેન્ડિંગમાં મુશ્કેલીઓ આવી હતી. કેટલીક ફ્લાઈટ્સના સમયપત્રકને પણ અસર થઈ હતી. જોકે દિલ્હી એરપોર્ટ ઓથોરિટીએ કહ્યું હતું કે લો વિઝિબિલિટી હોવા છતાં વિમાનોની અવર-જવર સામાન્ય રીતે ચાલુ રહેશે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પ્રમાણે, દિલ્હી-એનસીઆરમાં ગાઝિયાબાદની હવા સૌથી ખરાબ છે. અહીં એર ક્વોલિટી ઈંડેક્સ ૩૭૨ સુધી પહોંચી ગયો છે. ગ્રેટર નોઈડામાં ૩૫૨, દિલ્હીમાં ૩૪૧, ગુરુગ્રામમાં ૩૪૭ અને ફરિદાબાદમાં ૩૨૬ના ભયજનક સ્તરે પહોંચી ગયો છે.

સીપીસીબીનું અનુમાન છે કે હવાની ગતિમાં ઘટાડો થવાને કારણે હાલમાં લોકોને પ્રદૂષણથી રાહત મળવાની કોઈ શક્યતાઓ જોવા મળતી નથી. આગામી બે દિવસ વચ્ચે પ્રદૂષણનો સ્તર આની આસપાસ જ રહેવાની સંભાવના છે. શનિવારે દિલ્હી-એનસીઆરનું હવામાન સામાન્ય હતું. લોકોને ઠંડી અને શીતલહેરથી તો રાહત મળી છે, પરંતુ ચિંતાજનક પ્રદૂષણના સ્તરને કારણે હવા ઝેરી બની હતી. દિલ્હીમાં પ્રદૂષણનો સ્તર ધોરણો પ્રમાણે ૩ ગણો વધારે છે. સીપીસીબીના જણાવ્યા મુજબ, દિલ્હીના ઘણા વિસ્તારોમાં હવાની ગુણવત્તાનો સ્તર ૩૦૦ને પાર પહોંચી ગયો છે, એ 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે.

## અત્યાર સુધી કોરોનાના કુલ ૧,૦૮,૯૨,૭૪૬ કેસ નોંધાયા, જેમાંથી ૧,૦૬,૦૦,૬૨૫ લોકો સાજા થયા

# દેશમાં અત્યારસુધી ૭૯,૬૭,૬૪૭ લોકોને કોરોના રસી આપવામાં આવી



ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૨,૧૪૩ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન કુલ ૧૧,૩૯૫ લોકો સાજા થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૦૩ લોકોનાં મોત થાય છે. દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસના કુલ ૧,૦૮,૯૨,૭૪૬ કેસ નોંધાયા છે. જેમાંથી ૧,૦૬,૦૦,૬૨૫ લોકો સાજા થયા છે. દેશમાં અત્યારસુધી કોરોનાને કારણે ૧,૫૫,૫૫૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં હાલ કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૧,૩૬,૫૭૧ પર પહોંચી છે. કોરોના વેક્સીનની વાત કરવામાં આવે તો અત્યારસુધી દેશમાં ૭૯,૬૭,૬૪૭ લોકોને રસી આપવામાં આવી છે. શુક્રવારે ૭,૪૩,૬૧૪ લોકોને રસી આપવામાં આવી હતી. દેશમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૭.૩ ટકા છે. જ્યારે મૃત્યાંક ૧.૪ ટકા છે. દેશમાં અત્યારસુધી કોરોના વાયરસના કુલ ૨૦,૫૫,૩૩,૩૯૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૧૨મી ફેબ્રુઆરીના રોજ દેશમાં કોરોના વાયરસના ૭,૪૩,૬૧૪ ટેસ્ટ થયા હતા.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૬૮ કેસ નોંધાયા છે. જેની સામે ૨૮૧ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એક દર્દીનું મોત થયું છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪,૪૦૦ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૭.૬૭ ટકા છે. રાજ્યમાં શુક્રવારે ૨૫,૮૨૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૭,૬૭,૬૧૧ વ્યક્તિઓનું રસીકરણ થયું છે.

આરોગ્ય વિભાગે આપેલી વિગતો પ્રમાણે રાજ્યમાં નવા નોંધાયેલા કેસમાં અમદાવાદમાં ૬૦, સુરતમાં ૩૬, વડોદરામાં ૫૩, રાજકોટમાં ૪૬, આણંદમાં ૮, ખેડા, જામનગર, ગાંધીનગરમાં ૭-૭ સહિત કુલ ૨૬૮ કેસ નોંધાયા છે. આજે અરવલ્લી, બનાસકાંઠા, ભરુચ, ભાવનગર, ડાંગ, નવસારી, પાટણ, સુરેન્દ્રનગર, તાપી, વલસાડ એમ કુલ ૧૦ જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કારણે એક દર્દીનું મોત થયું છે.

આ મોત અમદાવાદમાં થયું છે. બીજી તરફ અમદાવાદમાં ૬૧, સુરતમાં ૪૬, વડોદરામાં ૪૧, રાજકોટમાં ૪૫, દાહોદ, કચ્છમાં ૧૦-૧૦ સહિત કુલ ૨૮૧ દર્દીઓએ કોરોના વાયરસને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યારે કુલ ૧૭૬૭ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૨૮ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૧૭૩૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨,૫૮,૨૫૫૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# તંત્રી લેખ

## ઉમેદવારો બાબતે ઉહાપોહ વચ્ચે મતદારો નોટાને મહત્વ આપશે કે શું....?

રાજયમાં અત્યારે સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીના પડઘમ શરૂ થઇ ગયા છે તે સાથે કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીએ ચૂંટણી ઢંઢેરા જાહેર કરી દીધા છે જેમાં ચૂંટણી ઢંઢેરામાં પક્ષ પલટો નહિ કરું તેવુ કોઈ પણ પક્ષો આમ પ્રજાને વચન આપ્યું નથી.....! જયારે કે દેશમાં પક્ષાંતર ધારો હોવા છતાં અનેકો ચૂંટાયેલા પ્રતિનિધીઓએ પોતાના સ્વાર્થ ખાતર પક્ષ પલટો કરી રાજકીય લાભ મેળવતા રહ્યા છે. પ્રજા જેના ઉપર વિશ્વાસ મૂકી મત આપે છે તે ચૂંટાયેલા પ્રતિનિધિ આમ પ્રજાને પૂછ્યા વગર વિશ્વાસમાં લીધા વગર રાતોરાત પક્ષ પલટો કરી આમ પ્રજાજનોનો વિશ્વાસઘાત કરે છે... છતાં આવા લોકોને કાયદાકીય સજા કરવાની કોઇ જોગવાઈ નથી. જયારે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થયા બાદ ભાજપા અને કોંગ્રેસ પક્ષમાં ઉમેદવાર પસંદગી બાબતે ભારે હોહા મચી ગઈ છે. આ શું ઉહાપોહ માત્ર મહાનગરપાલિકા અને નગરપાલિકા પૂરતો નહીં રહેતા ગ્રામ્ય સ્તરની ચૂંટણીઓ સુધી પહોંચી ગયો છે. તે સાથે જે-તે પક્ષમાંથી રાજીનામાં આપવા અને પક્ષ પલટો કરવા સુધીની ઘટનાઓ બની રહી છે. તો ઓવૈસીના પક્ષો જે પ્રકારે ગુજરાતમાં પ્રવેશ કરીને આપેલા ભાષણોમા એવી ભાષાનો ઉપયોગ કર્યો કે મુસ્લીમ સમાજમાં ભાગલા પડી જાય તેમજ જયાં આમપ્રજામા માતૃભાવના મજબૂત બની ગઈ છે તેમાં તિરાડ પડે તેવા પ્રકારના શબ્દો વાપર્યા.જેના પરિણામે મોટાભાગના બિરાદરો એઆઈએમઆઈએમ પક્ષાથી દૂર રહ્યા છે. તો તેમના પક્ષો ઉમેદવારો પસંદ કર્યા છે જેમાં કેટલાક અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે કે સમાજમા સ્વિકૃત નથી જેની અસર મોટાભાગના બિરારોમાં પડી છે. ત્યારે ચૂંટણીતંત્ર, પોલીસ તંત્રની જાહેર સભા-કાર્યક્રમો પર નજર હોવા છતાં વાપરેલ ગલીચ શબ્દો માટે કે વૈમનસ્ય પેદા કરતા શબ્દો માટે જરૂરી કાર્યવાહી કરી નથી...પરિણામે સોશિયલ મીડિયા પર એવો મેસેજ વાયરલ થઈ રહ્યા છે કે ઓવૈસીની પાર્ટી ભાજપની બી પાર્ટી છે....જેના પ્રત્યાઘાત પણ મોટા પ્રમાણમાં પડ્યા છે.....!

મહાનગરપાલિકાઓમાં ચૂંટણી પ્રચાર શરૂ થઈ ગયો છે તે સાથે જે તે પક્ષના ઉમેદવારો સામે જાહેરસભા થી લઈને મતદારોની મુલાકાતે નીકળે ત્યારે તેઓનો બળવાખોરો વિરોધ કરી રહ્યા છે જયારે કે કેટલાક વિસ્તારોમાં પક્ષના ઉમેદવારે પ્રચાર કરવા આવવું નહીં કે પ્રચાર પ્રવેશબંધી જેવા બેનરો લાગી ગયા છે. ગ્રામથી લઈને મનપા સુધી ઉમેદવારો બાબતે મોટા પ્રમાણમાં ઉહાપોહ કે વિરોધ છતા ગુજરાતના મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ નેતાગણે આવા બળવાખોરોને નકારી દીધા છે કે ક્યાંક પક્ષમાંથી સસ્પેન્ડ કરવા સુધીના પગલા લીધા છે. તેમજ જરૂર પડે ત્યાં નહિવત પગલારૂપે એકાદ બે ઉમેદવાર બદલ્યા છે. પક્ષ અને પણ ટિકિટ આપી છે. તો ટીકીટ ન મળતા જે તે પક્ષ છોડી પક્ષ પલટુઓ અન્ય પક્ષમાંથી ટિકિટ મેળવી ચૂંટણી લડી રહ્યા છે. આને આવા કારણે આમ પ્રજામાં જાગૃત મતદારોમા આતરિક સવાલી ચર્ચા બની છે કે ઈવીએમમા મતદાન ×નોટા× બટન છે કે નહીં....? તે સાથે પક્ષ પલટુઓ તેમજ નાપસંદ ઉમેદવારો માટે નોટાનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય તેવો આંતરિક પ્રચાર મોટા પ્રમાણમાં શરૂ થઈ ગયો છે....! જયારે કે ચૂંટણી પંચે ×નોટા× બાબતે અગાઉ આપેલ મહત્વ મુજબ પ્રચાર થયો જ નથી. ત્યારે આ ચૂંટણીમાં ખાસ કરીને મહાનગરપાલિકા અને નગરપાલિકામાં વધુ પ્રમાણમાં ×નોટા× નો ઉપયોગ થઈ શકે તેવી દહેશત જાગૃત મતદારો અને રાજકીય પંડિતો વ્યકત કરી રહ્યા છે.....!?

# સદાબહાર સુર - ૭

## અવિનાશ વ્યાસ

ચરર ચરર મારું ચકડોળ ચાલે

બિનાકા ગીતમાલા, ફૂલ ખિલે ગુલશન ગુલશનપ.. યાદ આવે છે આ બધા કાર્યક્રમો? એક સમય હતો જ્યારે આ કાર્યક્રમોની બોલબાલા હતી અને તેમ છતાં રેડિયો સિલોન, ઓલ ઈન્ડીયા, વિવિધ ભારતીની સાથે આકાશવાણીના કાર્યક્રમો પણ એટલા જ લોકપ્રિય હતા. એ સમયે એવું નિશ્ચિત હતું કે આકાશવાણી રેડિયો સ્ટેશન પરથી ફિલ્મી ગીતોનું પ્રસારણ ન થવું જોઈએ એટલે આપણને ગુજરાતી ગીત-સંગીત સાંભળવાનો ય લ્હાવો મળવા માંડ્યો. એમાં આપણા પ્રિય ગીતકારોના ગીતો પ્રસારિત થતા અને અત્યંત લોકપ્રિય ગુજરાતી ગીતોની રમઝટ ચાલતી.

એ સિવાય ત્યારે શાણાભાઈ-શકરાભાઈ નામની કાલ્પનિક જોડી ખુબ લોકપ્રિય બની હતી. યાદ છે ભાઈ કોઈને?

પણ હવે રહી રહીને જ્યારે રેડિયોનું અસ્તિત્વ જ ઝાઝું રહ્યું નથી ત્યારે કેમ આટલા સમયે રેડિયો યાદ આવ્યો ખબર છે? હમણાં જ ૧૩મી ફેબ્રુઆરીએ વિશ્વ રેડિયો દિન હતો.

વિવિધભારતીના લોકપ્રિય કાર્યક્રમો તો આજે પણ હૈયાવગા છે. એ સમયે રેડિયો પર પ્રસારિત થતા ગીતો પહેલાં ફિલ્મના નામની સાથે એ ગીતના ગીતકાર, સંગીતકાર અને ગાયક-ગાયિકાનું નામ પણ લેવાતું. આજે જેમ ટી.વી પર રજૂ થતા ટેલેન્ટ હન્ટમાં અનેક કલાકારોને પ્લેટફોર્મ મળે છે એમ એ સમયે રેડિયો અને એના કાર્યક્રમોના લીધે તો અનેક ઉગતા નવા કલાકારોને તક મળતી.

હા, તો વાત જાણે એમ છે કે અવિનાશ વ્યાસની કારકિર્દીની શરૂઆત ૐસ્ફ સાથે યંગ ઈન્ડિયા હેઠળ થઈ હતી જ્યાં ૧૯૪૦માં અવિનાશ વ્યાસે તેમની સૌ પ્રથમ ગ્રામોફોન રેકર્ડ બહાર પાડી હતી. એવું કહેવાય છે કે અવિનાશ વ્યાસના ગીતો અને એમની વાતો સાંભળવા લોકો પથારીમાં પણ કાન પાસે રેડિયો મુકી રાખતા.

આજે એ રેડિયોની જાહોજલાલીના સમય અને એના પ્રત્યેના આકર્ષણની વાત કરવી છે...

એ સમયે મારા ઘરથી સાવ નજીક આકાશવાણીપ.શનિવારે સાંજે પાંચ વાગ્યે નાના બાળકોને આકાશવાણી કેન્દ્ર પર જવાની તક મળતી એટલે તો હું અને મારા જેવી મારી ઉત્સાહી મિત્રો પહોંચી જતા એ પણ આજે યાદ છે. દસ/ બાર વર્ષની ઉંમર હશે એ સમયેપ હવે આકાશવાણી કેન્દ્ર પર જઈને કોઈ બાળવાર્તા કહે, કોઈ જોડકણા કહે અને થોડા ગીતો ગવાય તો વળી ક્યારેક અંતાક્ષરી રમાય.

હવે એ સમયે તો જે ગીતો ગાતા એ બધા તો યાદ નથી પણ મોટાભાગે એક તો રઘુપતિ રાઘવ રાજારામ હોય, જય જય ગરવી ગુજરાત હોય દીપે અરૂણું પ્રભાત, તો ક્યારેક જાગને જાદવા કે પછી વૈશ્નવ જન તો તેને રે કહીએ પણ હોયપપણ એ બધામાં અમારું સૌથી ગમતું ગીત કયું હતું ખબર છે?




ચરર ચરર મારું ચકડોળ ચાલે

ચાકડ ચું ચાકડ ચીચી તાલે

આજે રોકડાને ઉધાર કાલેપ.

ગુજરાતી ફિલ્મ 'મળેલા જીવ' માટે લખેલી, સ્વરબદ્ધ કરેલી મન્નાડી ગાયેલી સ્વ. અવિનાશ વ્યાસની આ એવરગ્રીન અને અમર રચના એટલે તો જાણે લાઈફનું લાઈવ ટેલીકાસ્ટ અને ગુજરાતના મેળાઓનું જાણે રાષ્ટ્રીય ગીત...

હવે મારી વાત કરું તો એ સમયે તો આ ગીત ગાવાની ખુબ મઝા આવતી. કેમ તો એમાં પેલું ચાકડ ચું, ચીચી ચાકડ ચું ચીચી આવે ને એટલે પએ વખતે આ ગીતની સાથે ચકડોળ માટે એક નવો શબ્દ મળ્યો હતો, ફજેતફાળકો.

ત્યારે તો આ માત્ર ગાવાની મઝા આવે એવું ગીત હતું એની પાછળ શું કહેવા માંગે છે એનો તો વિચાર સુધ્ધા કર્યો નહોતો કારણકે એ સમયે તો જીવનમાં મસ્તી જ મસ્તી હતી. પણ આજે જેમ જેમ વિચારતા જઈએ એમ સમજાય છે કે આવા રમતિયાળ લાગતા ગીતોમાં ય કેટલાય વર્ષો પહેલાં એક સમજ મુકવામાં આવી હતી.

સમય અને સંજોગો તો આવે અને જાય, પળે પળનો ક્યાં આપણે હિસાબ રાખવા બેસીએ છીએ ? બીજો કોઈ હિસાબ ન રાખીએ ત્યાં સુધી વાંધો નહીં પણ ગીતકાર અવિનાશ વ્યાસ કહે છે એમ આપણી ઉદાસીને ઉધારના પાસામાં મુકીને આનંદ તો રોકડો જ કરી લેવો. આજની ક્ષણને આજે જ માણી લેવી. જીવતરના ચકડોળમાં ઉપર નીચે ચઢતા, પડતાં આપણું ભાગ્ય કેવી કરવટ લે એની ક્યાં ખબર હોય છે એટલે જ શક્ય હોય તો એ ચકડોળનું ચાકડ ચું ચીચી સાંભળવામાં સઘળા દુ:ખ ભૂલીને એ ક્ષણે તો સુખમાં જ મહાલી લેવામાં મઝા છે .બહુ વર્ષો પહેલા કવિએ કહેલી વાત આજે કેટલી યથાર્થ લાગે છે નહીં?

અવિનાશ વ્યાસના આ ગીત અને ચકડોળમાંથી એમણે એક શીખ આપણને આપી કે આપણું પદ, પ્રતિષ્ઠા, પૈસો, પાવર, અભિમાન, માન-અપમાન, ઈર્ષ્યા , મોટાઈ, નાનમ, શરમ કે સંકોચને આપણા આનદ પર હાવી ના થવા દેવા જોઈએ અને એમણે પણ પોતાના જીવનકાળ દરમ્યાન એ પુરવાર કર્યું.

આ ગીતની મઝા તો એ છે કે અબાલ-વૃધ્ધ દરેકને એમાં પોતનો આનંદ મળી રહે છે. ગીતના શબ્દો ય એટલા જ રમતિયાળ છે ને? આવા ગીત લખતા ગીતકાર પોતે પણ એવું જ માનતા કે સંગીતમાં જેનો પ્રાણ છે એવા સંગીતક્રમમાં ડગલે ને પગલે શિષ્ટ કાવ્યતત્વ હોય જ એ જરૂરી નથી અને એટલે જ આવા ચાકડ ચું ચીચી જેવા ગીતોમાં પણ એટલી મઝા છે ને?

આજે મારા બાળપણની સાથે અવિનાશ વ્યાસના બાળપણ વિશે સાંભળેલી વાત પણ યાદ આવી.

ગુજરાતી સુગમ સંગીતના આ આદ્યપુરુષનો જન્મ ૨૧ જુલાઈ ૧૯૧૨માં ખાડીયા-રાયપુરમાં આવેલી ગોટીની પોળમાં થયો હતો. આ આખી પોળ જ કલાપ્રેમી નગરોની.

બાળક અવિનાશ પોળના ઉપલા માળે ઉભા ઉભા નીચે માસીબા ને બૂમ મારે..'' માસીબા પૈસો આપો છો કે પડુ? પપૈસો આપતા હો તો નીચે લેવા આવું. આવી બૂમરાણ મચાવતા બાળક્ના ભાવિ વિશે ત્યારે કોણ જાણતું હતું કે પૈસો આપો છો કે પડું કહેનારા આ બાળકના ગીત સંગીતથી ગૂંજતા થિયેટરમાં ક્યારેક સાચે જ પૈસા પડશે?

માતા—પિતાનું અવસાન થતાં બાળક અવિનાશનો ઉછેર મોસાળમાં મામી ઈન્દુમતી પાસે થયો. કહે છે કે અવિનાશ વ્યાસ બાળપણમાં અત્યંત તોફાની હતા અને થોડા જીદ્દી પણ ખરા. પોતાનું ધાર્યું જ કરાવે અને એટલે જ કદાચ કાર્યક્ષેત્રની બાબતમાં પણ એમની દ્રઢતા અકબંધ રહી. એ માનતા કે કોઈના વગર કોઈ કામ અટકી ન પડવું જોઈએ.

વળી નાનપણમાં એ ક્રિકેટના પણ શોખીન હતા. સમયની સાથે બાળપણ વિતતું ગયું. યુવાન વયે પહોંચ્યા ત્યારે આઝાદી અને એના માટે કુરબાનીનો રંગ ચારેકોર છવાયેલો હતો. યુવાન અવિનાશભાઈ પણ આ રંગે રંગાયા અને સ્વાતંત્ર્ય જંગમાં ઝંપલાવ્યું. સમય જતાં આ તમામ પ્રવૃત્તિને કોરાણે મુકીને ૧૯૪૦માં મુંબઈ આવ્યા. ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાં પાસેથી શાસ્ત્રીય સંગીતની તાલિમ લીધી. એચ.એમ.વી અને યંગ ઈન્ડિયા કંપનીમાં વાદક તરીકે જોડાયા. અલ્લારખાં કુરેશી એટલે કે ઉસ્તાદ અલ્લારખાંના નામે ખ્યાત તબલાવાદક સાથે એમને પરિચય થયો. ત્યારે અવિનાશ વ્યાસને સૌ પ્રથમ તક મળી ફિલ્મ '' મહાસતી અનસૂયા''માં એ પછી ''કૃષ્ણભક્ત બોડાણા'', ''જીવનપલટો'' જેવી ફિલ્મો માટે પણ ગીત-સંગીતની રચના કરવાની તક મળી પરંતુ એમાં ઝાઝી સફળતા તો ન મળી પરંતુ ૧૯૪૮માં '' ગુણસુંદરી' નામની ફિલ્મથી અવિનાશ વ્યાસનો સિતારો બુલંદ થયો.

અવિનાશ વ્યાસ વિશે વાત કરીએ તો એમને ગાયક, ગીતકાર, સંગીતકાર તરીકે તો સૌ ઓળખે પણ એમને નાટક ગમતાં એટલે શરૂઆતના સમયમાં નાટકમાં પણ કામ કરેલું અને કેટલાક પ્રોડક્શન પણ કરેલા એની આપણામાંથી બહુ ઓછાને ખબર છે. એ રીતે જોવા જઈએ તો એમને નાટ્યકાર/ અભિનેતા પણ કહી શકાય. આમ સર્વાંગીરૂપે જોવા જઈએ તો અવિનાશ વ્યાસ બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યક્તિ હતા.

આવી એક નહીં અનેક વાતો આ બહુમુખી પ્રતિભા ધરાવતા અવિનાશ વ્યાસ વિશે કરવાની છે. આવા અનેક સંભારણા છે જે આપણે તાજા કરવાના છે.

**Rajul Kaushik**




## ભ્રષ્ટાચારી ભાજપનો ખુલાસો કરતા કર્મઠ કાર્યકર

મહેસાણા ભાજપ માં ભડકો.બ્રહ્મ સમાજ ને ભારે નુકશાન..તમામ વોર્ડ માં રાજકીય સોદે બાજુ થી ભ્રષ્ટાચાર કબુલતા ભાજપ ના કર્મઠ કાર્યકરો ને સાંભળો....



ગુજરાત ના ઈતિહાસ માં સૌથી મોટો રાજકીય ભ્રષ્ટાચાર રૂપાણી.નીતિન પટેલ ના રાજમાં સાબિતી સાથે થયેલો સાંભળો....મહેસાણા ના રાજકીય સામાજિક દલાલો ભૂગર્ભ માં...મહિલા મોરચા માં ભંગાણ...પક્ષ પલટો કરનાર અને પક્ષ ના કાર્યકર.હોદ્દેદારો ના પત્નીઓ.ભાઈઓ.સગા વહાલા અને ૬૪ વર્ષ ના ને નિયમો વિરુદ્ધ ટિકિટ ફાળવી..ભારે નારાજગી મહેસાણા ભાજપ માં દેખાઈ રહી છે. નીતિન પટેલ કે તે.ના રાજકીય મહેસાણા ના દલાલો નું એક પણ નિવેદન તેઓ આપતા નથી . હજુ તેઓ કુલડી માં ગોળ ભાગવાની કોશિશ કરે છે..ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક....બ્યુરો મહેસાણા

## 'વેલેંટાઈન ડેની વિકૃતિ બંદ કરો!

'વેલેંટાઈન ડે' જેવાપશ્ચિમી 'ડે' સંકુચિત સંકોચો પ્રેમ શીખવે છે, જયારે હિંદુધર્મ 'વસુધૈવ કુટુંબકમ્' જેવા વ્યાપક પ્રેમના પાઠ ભણાવે છે. હિંદુઓની વિવાહ સંસ્કૃતિ સંયમિત અને નૈતિક પ્રેમજીવન શીખવે છે.

કેટલાક દેશોમાં ૧૪ ફેબ્રુઆરી ના દિવસે 'વેલેંટાઈન ડે' પ્રેમદિવસના રૂપમાં ઊજવવામાં આવે છે. યુવકો, શું સાચો પ્રેમ એક દિવસનો જ હોય છે ? મૂર્તિપૂજકોનું ખ્રિસ્તીકરણ કરવા માટે પોપ ગૈલેસિયસ (પહેલો) એ ૧૪ ફેબ્રુઆરીના દિવસે 'વેલેંટાઈન ડે' ઊજવવાનો આરંભ કર્યો. ૧૪મી સદી સુધી 'વેલેંટાઈન ડે' અને 'પ્રેમ' નો કોઈ સંબંધ જ નહોતો. કહેવાતા સંત વેલેંટાઈન વિશે કોઈ પણ સબળ પુરાવો નથી. તેથી વર્ષ ૧૯૬૯માં રોમન કેથોલિક ચર્ચે સામાન્ય રોમન દિનદર્શિકા (કેલેંડર)માંથી 'વેલેંટાઈન ડે' કાઢી નાખ્યો હતો. 'વેલેંટાઈન ડે' ની બોલબાલા હવે ભારતીય મહાવિદ્યાલયોમાં પણ વધી રહી છે. આર્થિક લાભ માટે પ્રસારમાધ્યમો અને શુભેચ્છાપત્રાકો (ગ્રીટીંગ કાર્ડ) ના નિર્માતાઓ 'વેલેંટાઈન ડે' નો પ્રસાર કરે છે. તેથી હિંદુઓનું એક દિવસીય રાષ્ટ્રાંતરણ અને ધર્માંતરણ માટે પ્રોત્સાહન મળે છે.

'વેલેંટાઈન ડે' ઊજવનારાઓ, રાષ્ટ્રપ્રેમી અને ધર્મપ્રેમી બનો !

જો કદાચ માતૃભૂમિની સ્વતંત્રતામાટે યુવાવસ્થામાં જ પ્રાણોની બલિ ચડાવનારા ક્રાંતિકારીઓ 'વેલેંટાઈન ડે' ઊજવતા રહ્યા હોત, તો શું દેશને સ્વતંત્રતા મળી હોત ખરી ? યુવકો, આજે આતંકવાદ અને ભ્રષ્ટાચાર દેશને પાયમાલ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં યુવકો, ભારતનો ગૌરવ વધારવો છે કે ફરી પાછા વિદેશીઓની ગુલામગીરી સ્વીકારવી છે, તે તમારા હાથમાં છે, તે ધ્યાન રાખશો !

'વેલેંટાઈન ડે' ના વિરોધમાં પ્રબોધન કરીને સંસ્કૃતિનું રક્ષણ કરો

૧. 'વેલેંટાઈન ડે' ની કુપ્રથા રોકવા માટે પાઠશાળાઓ અને મહાવિદ્યાલયોના પ્રાચાર્ય, અધ્યાપક તેમજ વિદ્યાર્થી-પ્રતિનિધિઓને મળીને તેમને વિદ્યાર્થીઓનું પ્રબોધન કરવા માટે કહેવું.

૨. ફેસબુક, ટ્વિટર ઇત્યાદિ વેબસાઈટ, સંગણકીય પત્ર (ઈ-મેલ) અને લઘુસંદેશ (એસ્.એમ્.એસ્.) દ્વારા પ્રબોધન કરવું !

૩. 'વેલેંટાઈન ડે' નો પ્રસાર કરનારા શુભેચ્છાપત્ર-આસ્થાપનાઓનો વૈધ માર્ગથી નિષેધ કરો !

યુવા પેઢી સાથે સહુકોઈને પ્રેમનો ભવ્ય-દિવ્ય અર્થ સમજાવવાનો સમય પાકી ગયો છે. એવો પ્રેમ આ હિન્દૂ જન્મ ભૂમિ પર રાષ્ટ્રપુરુષોએ કર્યો, તેમની સ્મૃતિને જાગૃત કરીને યુવા પેઢી જ નહીં, જયારે ભારતદેશ સુસંસ્કૃત બને, તે માટે ક્રમણ કરો.

શ્રી. સંતોષ આળશી,
હિંદુ જનજાગૃતિ સમિતિ, ગુજરાત.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૩૯)

વર્ષા જાની



( ગતાંક કોલમનું અધૂરું..)

કેટલાક પિતાઓ પણ ખૂબ દિલદાર થઈને પોતાના સંતાનોને બાળપણથી જ વ્યસન કરવાની ટેવ વારસામાં આપે છે! બાળક ચાર પાંચ વરસનું સમજણુ થાય એટલે પપ્પા પોતાની સાથે પાનનાં ગલ્લે આંટો મારવા લઈ જાય, અને વરિયાળી, ટુટીફૂટી, ધાણાદાળ જેવો માવો દીકરાને પણ અપાવે! બાપા પોતાનો મસાલો હાથમાં ગોળગોળ ફેરવીને ચોળે, એટલે નાનકડું બાળ માનસ પણ એનું અનુકરણ ચોક્કસ કરે!અને એ જોઈને બાપ હરખાય,દીકરાએ જાણે કોઈ મોટું અને સારું પરાક્રમ કર્યું હોય એમ શેર લોહી ચડાવે! તો ઘણીવાર ઘણાં ય પિતાશ્રીઓ પોતાના સંતાનને જ પોતાના પાન, મસાલા, બીડી, સિગરેટ લેવા મોકલે! દીકરો હોંશે હોંશે જાય, અને પછી ધીમે ધીમે એ પણ અખતરા કરતો થઈ જાય!અને એ અખતરો પછી એટલો બધો રીઢો થઈ જાય ત્યારે બાપને ખબર પડે કે દીકરો વ્યસન કરતો થઈ ગયો છે! પછી પિતા પોતે જ ગોળ ખાતા હોય તો દીકરાને ક્યાંથી કહી શકે કે તું ગોળ ન ખા! ઘણીવાર તો બાપદીકરો સાથે બેસીને વ્યસનનો શોખ પૂરો કરતા હોય! એમાં ય અવનવા વ્યસન કરવામાં પાછો દીકરો તો વ્હેંત ચડિયાતો હોય! ગુરુ કરતા ચેલો ચડે,એની જેમ.પછી દીકરો એટલી હદે આગળ નીકળી ગયો હોય અને વ્યસનની ગર્તામાં એવો તો ધકેળાઈ ચૂક્યો હોય કે એમાંથી પાછા વળવાના કોઈ ચાન્સ જ બાકી ન રહ્યાં હોય! ત્યારે પત્ની, બાળકો, પરિવાર બધું જ પાયમાલ થઈ જતું હોય છે, સમગ્ર કુટુંબ બરબાદ થઈ જાય છે.

એવાં જૂજ કિસ્સાઓ જોવા મળ્યાં છે કે પિતા વ્યસન કરતા હોય, અને સંતાનો પણ વ્યસન કરતા થાય એ પહેલા પિતાએ ખૂદે વ્યસન છોડી દીધું હોય. આવા સમજદાર તાતને સો સો સલામ જ ઘટે, જેણે સંતાનનો, એનાં સમગ્ર અસ્તિત્વનો તો વિચાર કર્યો.

કોઈ વ્યક્તિને વ્યસન કરતા કરવો એ મહાપાપ છે. તો કોઈને વ્યસન મુક્ત કરવો એ મહાપુણ્યનું કામ છે.

માણસ લાગણીઓનો દરિયો છે.લાગણીઓના આવેગ માણસને તારે પણ છે, અને ડુબાડે પણ ખરાં! લાગણીઓ સહસ્ત્રમુખી છે. રાગ, દ્વેષ, ઈર્ષા વગેરે આવેગો વ્યક્તિમાં તીવ્ર બનીને ઉત્પન્ન થાય ત્યારે માણસ દુ:ખથી પીડાય છે!આવેગો દ્વારા ઉત્પન્ન થયેલી ઈચ્છાઓ માણસ પૂરી કરી શકતો નથી. તેથી દુ:ખમુક્ત પણ થઈ શકતો નથી. જેમ કુદરતી આવેગોનો જડમૂળથી નાશ કરી શકાતો નથી એવી જ રીતે ઈચ્છા કે લાગણીઓને પણ સદંતર ડામી શકાતી નથી. તેથી ખોટી અને ખરાબ લાગણીઓને બદલે શુભ ભાવનાઓ વિકસાવવી જરુરી બને છે.દિલની અંદર પારિવારિક, સામાજિક સદભાવના, શુભેચ્છાઓ જન્માવવી જરુરી છે. જેથી કરીને ખુદનું, પરિવારનું, જગતનું કલ્યાણ થાય.સહુનું મંગલ થાય.

**सर्व मंगल माङ्गल्ये**
**शिवेसर्वार्थ साधिके ।**
**शरण्ये त्र्य6बके गौरी**
**नारायणी नमोस्तुते ।।**

વર્ષા જાની
ભાવનગર
૪ ફેબ્રુઆરી,૨૦૨૧

### ગૌ વિજ્ઞાન પ્રચાર—પ્રસાર પરીક્ષા' અંગે માહિતી તથા આયોજન અર્થે

## રાષ્ટ્રીય કામધેનુ આયોગ અને એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા(AWBI) દ્વારા વૈશ્વિક સ્તરે વેબીનાર

ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા લેવાનાર ''ગૌ વિજ્ઞાન પ્રચાર—પ્રસાર પરીક્ષા' અંગે માહિતી તથા આયોજન અર્થે રાષ્ટ્રીય કામધેનુ આયોગ અને એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા વૈશ્વિક સ્તરે વેબીનાર વૈશ્વિક સ્તરે વેબીનાર યોજાશે. રાષ્ટ્રીય કામધેનુ આયોગના ગોવ્રતી અધ્યક્ષ, પૂર્વ સાંસદ, પૂર્વ કેન્દ્રીય મંત્રી, ૧૨૮ વખત રકતદાન કરી ચૂકેલા શતકવીર રકતદાતા ડો. વલ્લભભાઈ કથીરિયા મુખ્ય વક્તા અને ડો. એસ. કે. દત્તા (સચિવ- એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા છ૭ૐ), શ્રી ગિરીશ શાહ (મેમ્બર- એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા છ૭ૐ), શ્રી સુનીલ માનસિંહકા (મેમ્બર- એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા છ૭ૐ) માર્ગદર્શન આપશે. સમગ્ર વિશ્વમાંથી લાખો વિદ્યાર્થીઓ—આબાલ વૃધ્ધો રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા આયોજીત '' કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર—પ્રસાર પરીક્ષા'' માં ભાગ લેશે. વેબીનાર તા.૧૩/ફેબ્રુઆરી/ ૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય કામધેનુ આયોગના ફેસબૂક પેજ http://www.facebook.com/rkamdhenuAayog પર લાઈવ સાંજે ૦૬:૦૦ વાગ્યા થી નિહાળી શકાશે. પરીક્ષાને લગતી વધુ વિગતો માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગની વેબસાઈટ WWW.KAMDHEN.GOV.IN પર કલીક કરવા યાદીમાં જણાવાયું છે.

વિશેષ માહિતી માટે, મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨૨૧૯૯૯, અમરકુમાર મો. ૯૮૯૮૪૫૭૭૫૭, સુનીલ કાનપરીયા મો.૯૭૨૪૦ ૬૬૫૧૧, તેજસ ચોટલીયા મો.૯૦૬૭૨૧૧૯૩૧ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## યુનિની ઓનલાઈન પરીક્ષાનો પ્રારંભ: ગેરરિતી કરનાર સામે થશે કાર્યવાહી

અમદાવાદ,તા.૧૩

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજથી એટલે કે ૧૩મી ફેબ્રુઆરીથી યુજી-પીજીની ઓનલાઈન પરીક્ષાઓ શરૃ થઈ રહી છે.જે ૪૮ હજારથી વધુ વિદ્યાર્થી આપશે.રોજના પાંચ સ્લોટમાં પરીક્ષા લેવાશે.આ વખતની પરીક્ષામાં ગેરરીતિને રોકવા કડક નિયમો સાથે પરીક્ષા લેવાશે. ગુજરાત યુનિ.દ્વારા યુજી-પીજી સેમેસ્ટર ૩-૫ની પરીક્ષએમસીક્યુ આધારીત ઓનલાઈન પરીક્ષા શરૃ થનાર છે. બીબીએ-બીસીએ સેમેસ્ટર-૩, બી.કોમ,બીબીએ અને બીએ જર્નાલિઝમ સેમેસ્ટર -૩ , એમ.કોમ-એમ.એ સેમેસ્ટર -૩, બી.એડ સેમેસ્ટર-૩ સહિતની ૧૭ જેટલી પરીક્ષાઓ લેવાશે. ૧૯મીથી સુધી પરીક્ષાઓ ચાલશે અને રોજના પાંચ સ્લોટમાં પરીક્ષા લેવાશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK